ફા.ક્ર. :મકમ-૧૦૨૦૨૦૧૪૬

કુ. યુ.ડી.સુતરીયા
આંતરિક ફરિયાદ
સમિતિના અધ્યક્ષ
અને સેકશન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૯ /૦૯/૨૦૨૦.

પ્રતિ,
-સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,
-મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી, મુ. સ્થ.અને નગર નિયોજકશ્રીની કચેરી,નિર્માણ ભવન, ગાંધીનગર
-નિયામક અને મુખ્ય ઇજનેરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, નિર્માણ ભવન, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉપવન અને બગીચા તંત્ર, નિર્માણ ભવન, ગાંધીનગર.

**વિષય:** કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ હેઠળ આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવા બાબત.

**સંદર્ભ:** (૧) અત્રેનો તા. ૧૩/૦૮/૨૦૨૦નો પત્ર.
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૨૭/૦૮/૨૦નો પત્ર ક્રમાંક: GRC/POSH-વેબીનાર/૨૦૨૦૧૮.

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે,કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી(ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ હેઠળ દરેક કચેરીમાં આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવી ફરજીયાત છે.

આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાને રાખવા વિનંતી છે.

(૧) **સમિતિની રચનામાં અધ્યક્ષ તરીકે મહિલા કર્મચારી હોવા જરૂરી છે.**
(૨) સમિતિની રચનામાં ૫૦ ટકા મહિલાઓ હોવી જરૂરી છે.
(૩) કચેરીના સામાજિક/કાયદાકીય જાણકારી ધરાવતા ઓછામાં ઓછા ૨ કર્મચારી/ કામદારોની સભ્ય તરીકે નિમણૂક.
(૪) સમિતિની રચનામાં **ઓછામાં ઓછા એક પુરુષ કર્મચારીની નિમણૂક.**
(૫) **એક બિન સરકારી/સંસ્થાના સભ્યની નિમણૂક જરૂરી.**

Scanned by CamScanner

(૬) કચેરીમાં કોઈ મહિલા કર્મચારી ફરજ બજાવતા ન હોય તેમ છતા જે તે કચેરી માટે આ સમિતિની રચના કરવી અનિવાર્ય છે તેમજ આવા કેસમાં સમિતિના અધ્યક્ષ તરીકે **નજીકની કોઈ કચેરીના મહિલા કર્મચારીને સમિતિના અધ્યક્ષ તરીકે નિમવાના રહેશે.**

ઉક્ત તમામ મુદ્દાઓને ધ્યાને રાખી આપની તથા આપના તાબા હેઠળની કચેરીઓમાં આંતરિક ફરિયાદ સમિતિની રચના તાત્કાલિક કરવા વિનંતી છે તેમજ **આ સમિતિની રચનાનો હુકમ તથા આ સાથે સામેલ પત્રકમાં માંગ્યા મુજબની માહિતી દિન–૭માં અત્રે અચૂક મોકલી આપવા વિનંતી છે.** વિભાગ કક્ષાએ કરેલ હુકમની નકલ જાણ સારું આ સાથે સામેલ છે. આંતરિક ફરિયાદ સમિતિની રચના ન કરવાથી આ અધિનિયમ હેઠળ કચેરીના વડાને રૂા. ૫૦,૦૦૦/– દંડ ની જોગવાઈ છે. જે ધ્યાને લઈ તાત્કાલિક સમિતિની રચના કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

ઉક્ત માહિતી દિન–૭ માં રૂબરૂ કે ઇ–મેઇલ પર મોકલી આપવા વિનંતી છે. rnb.mahilasatamnisamiti@gmail.com

આપની વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ.

(કુ. યુ.ડી.સુતરીયા)
મ.જા. સ. સમિતિના અધ્યક્ષ
અને સેકશન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ.

**નકલ રવાના:**
- સચિવશ્રી(મા.મ.)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર.
- સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

GRC/POSH-વેબીનાર/2020/8
**મહિલા અને બાળ વિકાસ વિભાગ**
ગુજરાત સરકાર
૯/૬, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

તા. 29/8/2020

सत्यमेव जयते

**મનીષા ચંદ્રા,** આઈ.એ.એસ.
**સચિવ**

પ્રતિશ્રી
અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી / સચિવશ્રી
તમામ વિભાગો,
નવા સચિવાલય, ગાંધીનગર

વિષય : PoSH કાયદા અંતર્ગત આયોજિત વેબીનારની કાર્યવાહી નોધ રજુ કરવા બાબતે
સંદર્ભ : પત્ર ક્રમાંક : જીઆરસી/ જાતીય સતામણી/ ૨૦૨૦ /૨ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૧૧/૮/૨૦૨૦ નો અર્ધ સરકારી પત્ર

શ્રીમાન/સુશ્રી

આપ સુવિદિત છો તેમ, રાજ્ય સરકાર દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા માટે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અમલી બનાવવામાં આવેલ છે. આ કાયદાના અમલીકરણની સમીક્ષા બાબતે તા:૨૦/૮/૨૦૨૦ ના રોજ મારા અધ્યક્ષ સ્થાને વેબિનાર યોજવામાં આવેલ હતો, જેમાં વિભાગના નોડલ અધિકારીશ્રી તેમજ આંતરિક ફરિયાદ સમિતિના અધ્યક્ષાશ્રીઓ જોડાયેલ હતા.

વેબીનારમાં કાયદાની જાણકારી સાથે કાયદાની કલમ ૪ અનુસાર વિભાગની તમામ વડી કચેરીઓ, જીલ્લા કચેરીઓ તેમજ ક્ષેત્રીય કચેરીઓમાં ફરજીયાત આંતરિક ફરિયાદ સમિતિની રચના થાય તે સુનિશ્ચિત કરવા નોડલ અધિકારીશ્રીઓ ને સુચના આપવામાં આવેલ હતી, જેની કાર્યવાહી નોધ આ સાથે રજુ કરેલ છે.

કાર્યવાહી નોધમાં સૂચવેલ મુદ્દાઓ બાબતે સત્વરે કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીશ્રીને સુચના આપવા આપશ્રીને આગ્રહભરી વિનંતી છે.

આપની વિશ્વાસુ,
(મનીષા ચંદ્રા) 8/2020

બીડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંક:-ઇએસટી/૧૦૨૦૦૩/૯૨૭/૪/ક
૧૪/૧, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૫/૦૨/૨૦૨૦.

વંચાણે લીધો:- ૧) માર્ગ અને મકાન વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૮/૦૪/૨૦૧૯ નો ઠરાવ.

**પરિપત્ર:-**

ઉપર વંચાણે લીધેલ તા.૦૮/૦૪/૨૦૧૯ ના સમાનાંકી ઠરાવથી વિભાગ કક્ષાએ મહીલાઓની જાતિય સતામણી અટકાવવા અંગેની સમિતિની રચના કરવામાં આવેલ હતી. જેમાં વિભાગમાં ફરજ બજાવતાં બે પુરૂપ સભ્યો શ્રી મિહિર એ. પટેલ, સેકશન અધિકારી તથા શ્રી બી.એચ. ગોસાઇ, સેકશન અધિકારીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, નીચે મુજબ સદર સમિતિની પુનઃ રચના કરવામાં આવે છે.

| ક્રમ | સમિતિના સભ્યોનું નામ | હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી યુ.ડી. સુતરીયા | સેકશન અધિકારી | અધ્યક્ષ |
| ૨ | શ્રીમતી નિમિષા પટેલ | અંગત મદદનીશ (સ્ટેનોગ્રેડ-૨) | ઉપાધ્યક્ષ |
| ૩ | કુ. રીમા બી. વાઘેલા | સેકશન અધિકારી | સભ્ય સચિવ |
| ૪ | કુ. શ્રધ્ધા જી. પરમાર | સેકશન અધિકારી | સભ્ય |
| ૫ | કુ. ચેતના એ. બુચ | બિન સરકારી(એન.જી.ઓ) | સભ્ય |
| ૬ | શ્રી મિહિર એ. પટેલ | સેકશન અધિકારી | સભ્ય |
| ૭ | શ્રી બી.એચ. ગોસાઇ | સેકશન અધિકારી | સભ્ય |

(શ્રીકાંત એફ. ખત્રી)
ઉપ સચિવ(વ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રીના, અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સંયુકત સચિવશ્રી(વ અને મ) , માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૩. નાયબ સચિવશ્રી(બજેટ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. સર્વે ઉપ સચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૫. સેકશન અધિકારીશ્રી, કલ્યાણ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૬. સેકશન અધિકારીશ્રી, રોકડ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૭. કુ. યુ.ડી. સુતરીયા, સેકશન અધિકારી, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
૮. સર્વે સભ્યો, મહીલાઓની જાતિય સતામણી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સીલેક્ટ ફાઇલ-૨૦૨૦.

Scanned by CamScanner

મહિલા જાતીય સતામણી
સમિતિના અધ્યક્ષ
અને સેક્શન અધિકારી
કુ. યુ.ડી.સુતરીયા
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૦૮/૨૦૨૦.

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ.

**વિષયઃ** આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવા બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્રની બિડાણ સાથે નકલ સામેલ રાખે છે. પત્રકમાં જણાવ્યા મુજબની સમિતિની માહિતી ભરી અત્રે મોકલી આપવા વિનંતી છે.

વધુમાં, આ સમિતિમાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ, એક બિન સરકારી/સંસ્થાનો સભ્ય તથા ત્રણ કે ચાર સભ્યો જેમાં ઓછામાં ઓછો એક પુરુષ સભ્યની પણ નિમણૂક કરવા નમ્ર વિનંતી છે.

ઉક્ત માહિતી દિન-૩માં રૂબરૂ કે ઇ-મેઇલ rnb.mahilasatamnisamiti@gmail.com પર મોકલી આપવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,

**(કુ. યુ.ડી.સુતરીયા)**
મ.જા. સ. સમિતિના અધ્યક્ષ
અને સેક્શન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

Scanned by CamScanner